# અદ્યતન રથ પર સવાર થશે ભગવાન જગન્નાથ

**સુરતમાં** પાંચ સ્થળોએથી બપોરના સમયે રથયાત્રા નીકળશે અને વિવિધ રૂટ પર ફરી રાત્રે વિરામ લેશે

**રસ્તામાં** ભજન-કિર્તન સાથે 'જય જગન્નાથ'નો નાદ ગૂંજશે, લાખો ભક્તો રથયાત્રામાં જોડાશે



સુરતઃ આવતીકાલે પવિત્ર અષાઢી બીજે સુરતમાં વિવિધ વિસ્તારોમાંથી કુલ સાત ભક્તિસભર સ્થળોએથી પ્રભુની પરંપરાગત રથયાત્રાઓ નીકળશે. સુરતમાં ધીરેધીરે રથયાત્રા વિશાળ બની રહી છે. આવતીકાલની રથયાત્રામાં એકતરફ ભક્તો દ્વારા દોરડું ખેંચવાનો લાભ લેવામાં આવશે. તો બીજી તરફ ભજન-કિર્તન સાથે 'જય રણછોડ, માખણચોર'ના નારાઓ ગુંજી ઉઠશે.

આવતીકાલની રથયાત્રામાં ઈસ્કોન મંદિર દ્વારા વિશાળ આધુનિક રથ જોડવામાં આવશે. જ્યારે અન્ય મંદિરો દ્વારા રથયાત્રાની સાથે પ્રસાદ સહિતના અનેક ધાર્મિક આયોજનો કરવામાં આવ્યા છે.

બુધવારે રથયાત્રા માટે મંદિરો દ્વારા રથની સાથે અન્ય આયોજનોને આખરી ઓપ આપવામાં આવ્યો હતો. આવતીકાલની રથયાત્રા માટે પોલીસ દ્વારા બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે કે જેથી કોઈ અનિચ્છનીય ઘટના બને નહીં.

## લંકાવિજય હનુમાન મંદિરની રથયાત્રા અમરોલીમાં માસીના ઘરે જશે

**અમરોલીના લંકા વિજય હનુમાન મંદિર ખાતેથી ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રા અને ભાઈ બલભદ્રની પરંપરાગત ભવ્ય રથયાત્રા નીકળશે. મંદિર ટ્રસ્ટ દ્વારા ૧૦ હજારથી વધુ ભાવિકો માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે. બપોરે 3 વાગ્યે જ્યારે ભગવાન રથમાં બિરાજમાન થશે, ત્યારે સુરતનાં મેયર માયાબેન માવાણી અને ધારાસભ્ય પૂર્ણેશ મોદીના હસ્તે રથયાત્રાનું પ્રસ્થાન કરાવાશે. આ રથયાત્રા કતારગામથી નીકળી અમરોલી બ્રિજ, કાસાનગર અને ગજેરા સર્કલ થઈને અમરોલી પહોંચશે. અમરોલીમાં માસીના ઘરે' નવ દિવસ સુધી ભક્તોને દર્શન આપશે.**

## સચિનમાં બે દાયકાથી સતત રથયાત્રાનું આયોજન કરાય છે

શ્રી જગન્નાથ સેવા ટ્રસ્ટ, સચિન દ્વારા આજે બપોરે 1 વાગ્યે મંદિરથી રથયાત્રા નીકળશે. જે કનકપુર, સચિન રેલવે સ્ટેશન બજાર, સચિન પોલીસ સ્ટેશન અને રામ મંદિર સહિતના મુખ્ય માર્ગો પરથી ભવ્ય શોભાયાત્રા સ્વરૂપે પસાર થશે. રથયાત્રા અંતે સ્લેમ વોર્ડ ખાતે આવેલા 'માસીના ઘરે' પહોંચશે, જ્યાં ભગવાન 26 જુલાઈ સુધી બિરાજમાન રહેશે. પ્રસાદરૂપે 500 પેકેટ બુંદીનું વિતરણ કરવામાં આવશે.

## ત્રણ દાયકાની પરંપરા પ્રમાણે પાંડેસરામાં રથયાત્રા નીકળશે

શ્રી પ્રભુ જગન્નાથ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત જગન્નાથ મંદિર દ્વારા આજે બપોરે 3 વાગ્યે રથયાત્રા નીકળશે. જે વિનાયક નગર, શનિદેવ મંદિર, પ્રિન્સ મેડિકલ સ્ટોર, પત્રકાર કોલોની, પીયૂષ પોઈન્ટ, ચીકુવાડી, ગાંધી કુટિર, વિજયાનગર, વેલ કમ પાન સેન્ટર અને 120 ફૂટ રોડ સહિતના મુખ્ય માર્ગો પરથી ભવ્ય શોભાયાત્રા સ્વરૂપે પસાર થશે. વિરામ પીયૂષ પોઈન્ટ નજીક પત્રકાર કોલોની ખાતે થશે.



## ઈસ્કોનની રથયાત્રામાં મુંબઈથી મંગાવાયેલો હાઈડ્રોલિક રથ આકર્ષણનું કેન્દ્ર બનશે

ઇસ્કોન મંદિર દ્વારા આયોજિત ભગવાન જગન્નાથ, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાજીની ભવ્ય રથયાત્રા બપોરે 3 વાગ્યે સુરત રેલવે સ્ટેશનથી પ્રસ્થાન કરશે અને રિંગ રોડ, મજૂરાગેટ, નવયુગ કોલેજ સહિતના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ જહાંગીરપુરા સ્થિત ઇસ્કોન મંદિર પહોંચશે. યાત્રા દરમિયાન વિવિધ ભજન મંડળીઓ દ્વારા હરિનામ સંકિર્તન, ઢોલ-નગારાંના તાલે ભક્તિગીતો અને નૃત્યની પ્રસ્તુતિ કરવામાં આવશે. આ વર્ષની રથયાત્રાનું મુખ્ય આકર્ષણ મુંબઈથી ખાસ મંગાવવામાં આવેલો આધુનિક હાઈડ્રોલિક રથ રહેશે. આ રથની ઊંચાઈ જરૂરિયાત મુજબ ઓટોમેટિક રીતે ઉપર-નીચે થઈ શકતી હોવાથી શહેરમાં આવેલા મેટ્રોના પિલર કે અન્ય અવરોધો વચ્ચે પણ રથ સરળતાથી પસાર થઈ શકશે.

### નાસીરનગર પ્રકરણમાં હાઈકોર્ટની ટકોરને પગલે સુરત મનપાનો નિર્ણય

# કોર્ટે કેસમાં ઢીલાશ રાખી તો પગલા, અધિકારીઓની જવાબદારી નક્કી થઈ

**પેનલ** એડવોકેટની સમયસર નિમણૂક, લીગલ સેલ સાથે ફરજિયાત સંકલન કરવા તાકીદ

**અધિકારી** બેદરકાર રહેશે તો શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે, પરિપત્ર જાહેર

સુરત : હાઈકોર્ટના કેસોની અસરકારક રીતે રજૂઆત થાય અને મનપાના હિતનું યોગ્ય રીતે રક્ષણ થઈ શકે તે માટે ડેપ્યુટી કમિશનર નિધિ સિવાચ દ્વારા તમામ ઝોન, વિભાગો અને ખાતાના વડાઓને મહત્વપૂર્ણ પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે.

પરિપત્રમાં સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે કોર્ટ કેસોની કામગીરીમાં કોઈપણ પ્રકારની બેદરકારી અથવા ચૂક થશે તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત ખાતાના વડા અને આસિસ્ટન્ટ લો ઓફિસરની રહેશે. તાજેતરમાં નાસીરનગર વસાહત પ્રકરણમાં સુરત મનપા દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં કરવામાં આવેલી રજૂઆત પર કોર્ટે કડક ટકોર કરી હતી. આ ઘટનાને પગલે ભવિષ્યમાં મનપાના લીગલ સેલને કારણે કોઈ કાનૂની ગૂંચ ઊભી ન થાય તે માટે વહીવટી સ્તરે તાત્કાલિક સુધારાત્મક પગલાં લેવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

પરિપત્ર મુજબ, હાઈકોર્ટમાં દાખલ થતા દરેક કેસમાં પ્રથમ સુનાવણી દરમિયાન જ મનપા તરફથી મજબૂત અને અસરકારક રજૂઆત થઈ શકે તે માટે સંબંધિત વિભાગે પેનલ એડવોકેટને પિટિશનની નકલ સમયસર ઉપલબ્ધ કરાવવી ફરજિયાત રહેશે. કોર્ટના હુકમમાં જે વકીલનું નામ દર્શાવવામાં આવ્યું હોય, તે જ વકીલના નામે કાર્યોત્તર વર્ક ઓર્ડર તૈયાર કરીને બિલની ચુકવણી કરવી પડશે. આ પ્રક્રિયામાં કોઈપણ પ્રકારની ગેરરીતિ કે વિલંબ સહન કરવામાં આવશે નહીં. કમિશનર વતી હાઈકોર્ટમાં સોગંદનામું (એફિડેવિટ) રજૂ કરવાના કેસોમાં ખાસ તકેદારી રાખવાનો પણ આદેશ આપવામાં આવ્યો છે. જો આ સૂચનાઓના અમલમાં કોઈ ક્ષતિ રહેશે અને તેના કારણે મનપાને કાનૂની નુકસાન કે વિવાદનો સામનો કરવો પડશે, તો સંબંધિત ખાતાધિકારી અને જવાબદાર અધિકારીઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

# લેબર કોન્ટ્રાક્ટરની સતત હેરાનગતિથી ત્રાસી જઈને શ્રમિક યુવતીનો ગળે ફાંસો

**કોન્ટ્રાક્ટરે** બળાત્કાર ગુજારી કોઈને કહેશે તો મારી નાખવાની ધમકી પણ આપી હતી

સુરતઃ મૂળ બિહારના શિવાન જિલ્લાના વતની અને સુરતમાં રોજગારી અર્થે આવેલા શ્રમિક પરિવારની ત્રણ બહેનો સચિન GIDC વિસ્તારમાં ભાડાના રૂમમાં રહેતી હતી અને સચિન GIDCની એક ખાનગી એન્ટરપ્રાઈઝ કંપનીમાં મજૂરી કામ કરતી હતી. આ ત્રણેય બહેનો ઉત્તર પ્રદેશના કુશીનગર જિલ્લાના વતની અને હાલ સચિન GIDC ખાતે રહેતા લેબર કોન્ટ્રાક્ટર મુમતાઝ રબીલ અહમદના હાથ નીચે કામ કરતી હતી. મુમતાઝે સતત યુવતીને ત્રાસ આપી બળાત્કાર ગુજારતાં યુવતીએ ગફાળાંસો ખાઈ લીધો હતો.

## યુવતી વતન ભાગી જવા રેલવે સ્ટેશન પહોંચી તો કોન્ટ્રાક્ટર ત્યાં પણ પહોંચી ગયો

ગત મે મહિનામાં કોન્ટ્રાક્ટરના ત્રાસથી કંટાળીને યુવતી વતન ભાગી જવા માટે સુરત રેલવે સ્ટેશન પહોંચી ગઈ હતી. જો કે, આરોપી મુમતાઝ ત્યાં પહોંચી ગયો હતો અને ડરાવી-ધમકાવીને તેણીને પોતાની સાથે લઈ ગયો હતો. રસ્તામાં પોતાના રૂમ પર કામ હોવાનું બહાનું બતાવી નરાધમ કોન્ટ્રાક્ટરે યુવતી પર બળજબરીપૂર્વક બળાત્કાર ગુજાર્યો હતો આખરે યુવતીએ અન્ય એક કોન્ટ્રાક્ટર સાહીલ પાસે કામ શરૂ કર્યું હતું. જેથી મુમતાઝે તેને ધમકી આપી હતી.

## યુવતીએ સ્યુસાઈડ નોટમાં કોન્ટ્રાક્ટર મુમતાઝના ત્રાસની વિગતો લખી હતી

ગત તા. ૦૯/૦૭/૨૦૨૬ ના રોજ યુવતીની તબિયત સારી ન હોવાથી તે રૂમ પર હાજર હતી અને તેની બહેનો નોકરી પર ગઈ હતી. ત્યારે યુવતીએ ગળાફાંસો ખાઈ લીધો હતો. પોલીસને પંચનામા દરમિયાન મૃતકના કપડામાંથી લાલ પેનથી હિન્દી-ભોજપુરી ભાષામાં લખેલી ચાર પાનાની સુસાઇડ નોટ મળી આવી હતી, જેમાં કોન્ટ્રાક્ટર મુમતાઝ રબીલ અહમદના ત્રાસ, મારઝૂડ અને બળાત્કાર ગુજાર્યાની તમામ હકીકતોનો પર્દાફાશ થયો હતો. જેથી સચિન પોલીસે નરાધમ કોન્ટ્રાક્ટર વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## માતાના અંતિમ સંસ્કાર માટે પૈસા ન હતા, સાથી કામદારોએ મદદ કરી

સુરતઃ લિંબાયત વિસ્તારમાં આવેલ મારુતિ નગરમાં જ્યોતિબેન રાજુભાઈ નાયકા (ઉં.વ.52) બે પુત્રી સહિતના પરિવાર સાથે રહેતા હતા. તેમના પતિ જૂની બીમારીથી પીડાતા જોવાથી હાલમાં સ્મીમેર હોસ્પિટલમાં દાખલ છે. જ્યોતિબેનના એક પુત્રીના લગ્ન થઈ ગયા હતા અને નાની પુત્રી એકાઉન્ટમાં નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. રવિવારે બપોરે જ્યોતિબેન ઘર પાસે કચરો નાંખવા જતા હતા, તે દરમિયાન રસ્તો ક્રોસ કરતી વખતે અજાણ્યા બાઈકચાલકે ટક્કર મારી હતી. જેથી તેમણે ગંભીર ઈજા થતા સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન બુધવારે સવારે તેમનું મોત નીપજ્યું હતું. જ્યારે માતાના અંતિમ સંસ્કાર કરવા માટે પુત્રી શ્રેયા પાસે રૂપિયા ન હોવાથી સાથી કામદારોએ તેમને આર્થિક મદદ કરી હતી.

# હવે પાણીમાં ડૂબી ગયેલી ગાડીઓને 'ટોટલ લોસ'માં ખપાવવાનો ખેલ શરૂ

**ખાડીપૂરથી** અંદાજે 5,000 કારને નુકસાન

સુરતઃ સુરતમાં તાજેતરમાં આવેલા ખાડીપૂરના કારણે વાહનચાલકોની મુશ્કેલીઓ ચરમસીમાએ પહોંચી છે. પૂરના પાણીમાં અંદાજે 5,000 જેટલી કાર ગરકાવ થઈ જતાં વાહન માલિકોને કરોડો રૂપિયાનું આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. હાલ સુરતના તમામ નાના-મોટા કાર વર્કશોપ્સ પૂરગ્રસ્ત વાહનોથી ઉભરાઈ રહ્યા છે. પૂરના ગંદા પાણીમાં દિવસો સુધી ડૂબેલી રહેલી કારોની બોડી, વાયરિંગ અને એન્જિન સિસ્ટમ સંપૂર્ણપણે નાશ પામી છે. કારના એન્જિન અને ઈલેક્ટ્રોનિક્સને ફરીથી ચાલુ કરવાનો ખર્ચ વાહનની વર્તમાન કિંમત (IDV) કરતાં પણ વધી રહ્યો છે. આ સ્થિતિમાં ઈન્સ્યોરન્સ કંપનીઓ અને એજન્ટો દ્વારા આવી મોંઘી કારોને રિપેર કરવાને બદલે સીધી 'ટોટલ લોસ' જાહેર કરી ક્લેમ સેટલ કરવાનો મોટો ખેલ શરૂ થયો છે.

## ગેરેજ-વર્કશોપમાં 3 મહિનાનું વેઈટિંગ અને સ્પેરપાર્ટ્સની અછત

શહેરના સત્તાવાર ઓથોરાઈઝડ સર્વિસ સેન્ટરો અને લોકલ ગેરેજમાં કાર રિપેરિંગ માટે લાઈનો લાગી છે. પૂરગ્રસ્ત વાહનોનો ભરાવો એટલો વધારે છે કે મોટાભાગના વર્કશોપમાં 3 મહિના સુધીનું વેઇટિંગ આપવામાં આવી રહ્યું છે. વધુમાં, એકસાથે હજારો વાહનો ડેમેજ થવાને કારણે માર્કેટમાં જરૂરી સ્પેરપાર્ટ્સની ભારે અછત સર્જાઈ છે.

## લિથિયમ બેટરી દેશમાં બનતી ન હોવાથી ઈવી કારના માલિકો લાચાર

આ પૂરની સૌથી ગંભીર અસર ઈલેક્ટ્રિક વાહનો પર પડી છે. ભારતમાં હજુ પણ ઈવી કારની લિથિયમ-આયન બેટરીનું સ્થાનિક સ્તરે ઉત્પાદન થતું નથી. તેને વિદેશથી આયાત કરવી પડે છે. પૂરના પાણીથી ક્ષતિગ્રસ્ત થયેલી બેટરી બદલવાનો ખર્ચ જ નવી કારની કિંમતના 60થી 70% જેટલો થાય છે. લાંબા સમય સુધી બેટરી ઉપલબ્ધ ન થવાને કારણે અને જંગી ખર્ચના લીધે આવી મોટાભાગની ઈવી કારોને નાછૂટકે 'ટોટલ લોસ' કેટેગરીમાં ધકેલવામાં આવી રહી છે.

# વીંટીમાં ઉપર સોનું, અંદર તાંબુ-ચાંદીઃ વેપારીને ૯૬ હજારનો ચૂનો!

**અંબાજી** રોડના 'રમેશ ડી સોની'ના ધવલ લોઢીયાને બિલ્ડર બનીને આવેલો ગઠિયો છેતરી ગયો

સુરતઃ બિલ્ડર બનીને આવેલા એક શખ્સે અંબાજી રોડના એક સોનીને બાંધાની વીંટી સોના તરીકે આપીને છેતરપિંડી કરી હતી.

પોલીસના જણાવ્યા પ્રમાણે, ગોપીપુરાની ચંદનબાગ એપાર્ટમેન્ટમાં રહેતા અને અંબાજી રોડ સોની કોમ્પ્લેક્સમાં 'રમેશ ડી. સોની' નામે દુકાન ધરાવતા ધવલ રમેશભાઈ લોઢીયા (ઉં.વ.૪૩) પાસે જાણીતા ધવલ સુરેશ સોની સાથે બિલ્ડર તરીકે મહેબૂબ રસૂલભાઈ વેપારી આવ્યો હતો અને ઓળખાણ કરીને બાદમાં માર્ચ માસમાં વીંટી વેચવા આવ્યો હતો. વીંટીનો લેબનો રિપોર્ટ રજૂ કરતાં ધવલભાઈએ તેને રૂપિયા 96 હજાર આપીને વીંટી ખરી લીદી હતી.

બીજા દિવસે વેપારી કતારગામ ખાતે આવેલી સંબંધિત લેબમાં તપાસ કરવા પહોંચ્યા ત્યારે મોટો ખુલાસો થયો હતો કે, આરોપી ધવલ સોની અને મહેબૂબે લેબના સ્ટાફને વીંટી 'સ્ક્રેચ' કરીને ટેસ્ટ કરવાની ચોખ્ખી ના પાડી દીધી હતી. નિયમ મુજબ નવો દાગીનો હોવાથી લેબે પણ માત્ર એક્સ.આર.એફ.મશીનથી ઉપરછલ્લો સ્કિન રિપોર્ટ આપ્યો હતો. આ રિપોર્ટની આડમાં આરોપીઓએ સોની વેપારીને અસલી સોનાના નામે નકલી દાગીનો પધરાવી દીધો હતો.

મધ્યસ્થી બનેલા ધવલ સોનીએ શરૂઆતમાં રૂપિયા ચૂકવવાની બાંહેધરી આપી સમય પસાર કર્યો હતો, પરંતુ રકમ પરત ન મળતા આખરે ભોગ બનનાર વેપારીએ ધવલ સુરેશભાઈ સોની અને મહેબૂબ રસૂલભાઈ વેપારી વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી છે. અઠવાલાઈન્સ પોલીસે ગુનો નોંધી બંને ઠગોની શોધખોળ શરૂ કરી છે.

# નાહતી વખતના વિડીયો-ફોટા વાઈરલ કરવાની ધમકીથી યુવતીનો આપઘાત

**કાપોદ્રાની** સાગર સોસાયટીની પરિણીતાએ રામ ગોહિલના ત્રાસથી ઝેરી દવા ગટગટાવી જીવન ટૂંકાવ્યાની ઘટનામાં ખુલાસો થયો

સુરતઃ કાપોદ્રા વિસ્તારમાં પાડોશમાં જ રહેતા એક પરિચિત યુવાને પરણિતાના નહાતી વખતના અંગત ફોટા અને વિડીયો મોબાઈલમાં કેદ કરી, તેને વાયરલ કરવાની ધમકી આપી નાણાં માંગી ત્રાસ આપતાં પરિણીતાએ ઝેર પીને આપઘાત કર્યો હતો. મૂળ ભાવનગર જિલ્લાના પાલીતાણાના વતની અને હાલ સુરતના કાપોદ્રા વિસ્તારમાં રહેતા તુષાલભાઈ ચૌહાણની નાની બહેન એકતા (ઉ.વ. ૨૩)ના લગ્ન ગત ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ સામાજિક રીત-રિવાજ મુજબ થયા હતા. લગ્ન બાદ તે કાપોદ્રાની સાગર સોસાયટી સામે સૂર્યકિરણ એપાર્ટમેન્ટમાં પતિ સાથે રહેતી હતી. તેમના જ ઉપરના ફ્લેટમાં પતિનો મિત્ર રામ ગોહિલ એકતાબેન નહાતા હતા ત્યારે ગુપ્ત રીતે તેમના વાંધાજનક ફોટા અને વીડિયો ઉતારી લીધા હતા. તેનાથી તે સતત બ્લેકમેઈલ કરતો હતો અને પૈસાની માંગણી કરતો હતો. પૈસા ન આપે તો તે માર મારતો હતો. એટલું જ નહીં, ફાર્મ હાઉસ પર તેમજ નોકરીના સ્થળે જઈને પણ તેણે એકતાબેનને જાહેરમાં લાફો મારી બદનામ કર્યા હતા. પરિવારે મધ્યસ્થી રાખીને આરોપી રામ અને તેના મોટાભાઈ ઉમેશ સાથે બેઠક પણ કરી હતી, જેમાં રામે ભવિષ્યમાં હેરાન ન કરવાની બાંહેધરી આપી મોબાઈલ ફોર્મેટ કર્યો હોવાનો દાવો કર્યો હતો. જોકે, આ આઘાત અને સતત ટેન્શનના કારણે પીડાતી એકતાબેને ગત તા. ૧૩ જુલાઈના રોજ સાંજે પોતાના ઘરે ઝેરી દવા ગટગટાવી લીધી હતી. કાપોદ્રા પોલીસે રામ મધુભાઈ ગોહિલ વિરુદ્ધ દુષ્પ્રેરણાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અમુક સત્ય હોવા છતાં છેતરપિંડી આખા ક્લેઈમના દાવાને ડુબાડે છે

**સુપ્રીમ** કોર્ટના ચુકાદાના આધારે ડુમસની સિન્હા કાર્સ કંપનીની ફરિયાદ ફગાવતું ગ્રાહક તકરાર નિવારણ કમિશન

સુરતઃ સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન (મુખ્ય)એ ડુમ્મસની સિન્હા કાર્સ કંપની દ્વારા ઈન્સ્યુરન્સ કંપની વિરુદ્ધ દાખલ કરાયેલી ફરિયાદ રદ કરી હતી. ફરિયાદી સુરત સ્થિત મિત્સુબિશી કારના ડીલર છે. તેમના મિત્સુબિશી પજેરો સ્પોટ 7 એસટીઆર વાહનનો વીમો લેવાયો હતો. તા.18 જાન્યુઆરી 2017ના રોજ પજેરો ગાડી સુરતથી વડોદરા મોકલવામાં આવી હતી, જ્યાં એક ગ્રાહકને તે વાહન ખરીદવામાં રસ હતો. કંપનીના સેલ્સ એક્ઝિક્યુટિવ હાર્દિક દરજી વાહન ચલાવી રહ્યા હતા ત્યારે સાંજે 6:30 વાગ્યાના અરસામાં વડોદરાના અકોટા બ્રિજ પાસે અકસ્માત સર્જાયો, જેમાં વાહનને નુકસાન થયું હતું. ફરિયાદી કંપનીએ રૂ.31,17,684નો અંદાજિત નુકસાનન દર્શાવી ક્લેમ કર્યો હતો. આ દરમિયાન વીમા કંપનીએ તપાસ માટે ઈન્વેસ્ટિગેશનની નિમણૂક કરી હતી. જે તપાસમાં જાણવા મળ્યું કે વાહનમાંથી લેવાયેલા બ્લડ સેમ્પલ ત્રણ અલગ-અલગ વ્યક્તિઓના મળી આવ્યા, અકસ્માત સમયે વાહનમાં કોણ હતું અને કોણ ચલાવતું હતું તે અંગે વિરોધાભાસી નિવેદનો અપાયા હતાં તેમજ ક્રેઈનનાં બિલ પણ ખોટા હોવાનું બહાર આવ્યું હતું. આ આધારે વીમા કંપનીએ 28 માર્ચ 2018ના રોજ ક્લેમ રદ કર્યો હતો. જેની સામે સિન્હા કાર્સ કંપનીએ ગ્રાહક સુરક્ષા કોર્ટમાં ફરિયાદ કરી હતી. વીમા કંપની તરફથી એડવોકેટ દર્શન શાહે રજુઆત કરી હતી કે એકવાર ક્લેમ છેતરપિંડી પર આધારિત સાબિત થાય તો સમગ્ર ક્લેઈમ રદ કરવાપાત્ર બને છે. જેથી સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન (મુખ્ય)ના પ્રમુખ જજ પી.પી. મેખીયા અને સભ્ય ડો. તીર્થેશ મહેતાએ ફરિયાદ ફગાવી દીધી હતી.

### સચિન GIDCમાં કંપની માલિકની બેફામ કારનો કહેર

# માતા પાસે રમતા 3 વર્ષના માસૂમનું કચડાઈ જતાં મોત

**અકસ્માત** બાદ માલિક બાળકને સારવાર માટે હોસ્પિટલ લઈ જવાની જગ્યાએ ફરાર થઈ ગયો



સુરતઃ સચિન જીઆઈડીસીમાં મંગળવારે બપોરે એક હૃદયદ્રાવક અકસ્માતમાં માતા પાસે રમતા ત્રણ વર્ષના માસૂમ બાળકનું કાર નીચે કચડાઈ જતાં મોત નીપજ્યું હતું.

મૂળ રાજસ્થાનના બાસવાડાના વિનેશભાઈ ગરાસિયાના પત્ની ટીનાબેન મંગળવારે બપોરે આશરે 4 વાગ્યે પોતાના ત્રણ વર્ષના પુત્ર આયુષ સાથે કંપનીના આંગણે બેઠા હતા. તે દરમિયાન કંપનીના માલિક મહેન્દ્રભાઈ મહેતાએ પોતાની ઈકોસ્પોર્ટ કાર સીધી માતા-પુત્ર પર ચડાવી દીધી હતી. અકસ્માત બાદ કાર રિવર્સ લેતાં માસૂમ આયુષ કારના ટાયર નીચે કચડાઈ ગયો હતો, જ્યારે ટીનાબેનને સામાન્ય ઈજા પહોંચી હતી. મહેન્દ્ર મહેતા ઘટનાસ્થળેથી ભાગી ગયો હતો.

## માલિક ગુનામાંથી બચવા માટે અન્યને કાર આપી, બાઇક પર ફરાર થયો

મૃતક આયુષના સંબંધીએ મીડિયાને માહિતી આપતા જણાવ્યું હતું કે, આયુષને કચડ્યા બાદ મહેન્દ્ર મહેતા એ કારને રિવર્સમાં લીધી હતી અને આયુષને કચડી નાખ્યો હતો અને બાદમાં કાર બીજાને આપી બાઈક પર ભાગી ગયો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### દિલ્હી ખાતે સોનમ વાંગચુકના સમર્થનમાં આજે સુરતમાં પ્રતીક ધરણા

સુરતઃ દિલ્હી ખાતે સોનમ વાંગચુકના ચાલી રહેલ ઉપવાસના અને સી.જે.પી.ના આંદોલનના સમર્થનમાં સુરતમાં ગુજરાત સર્વોદય મંડળ, ગુજરાત લોક સમિતિ, ગુજરાત નાગરિક પરિષદ, દ.ગુ. નાગરિક સંગઠન, ગાંધી વિચાર પરિવાર, સીટીઝન ફોર ડેમોક્રસી, ગુજરાત, પી.યુ.સી.એલ, ગુજરાત તથા સંયુક્ત નાગરિક સંગઠનના સંયુક્ત ઉપક્રમે ચોક બજારમાં ગાંધીજીની પ્રતિમા સમક્ષ આવતીકાલે તા.૧૬મી જુલાઈએ સવારે ૧૦થી સાંજે ૫ વાગ્યા સુધી પ્રો. કિશોરભાઈ દેસાઈના નેતૃત્વમાં પ્રતિક ધરણા- ઉપવાસનો કાર્યક્રમ રાખવામા આવ્યો છે તેવું એક અખબારી યાદીમાં જણાવાયું છે.

### સુમન શાળાના શિક્ષકોને ગુજરાતી જોડણી અને ભાષાસજ્જતા માટે તાલીમ અપાઈ



સુરત : સુમન માધ્યમિક શાળા સેલ અને કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન - સુરતના સંયુક્ત આયોજન હેઠળ સુમન હાઇસ્કૂલ - 4, અડાજણ પાટિયા ખાતે સુરતની તમામ સુમન શાળાઓના શિક્ષકો માટે ગુજરાતી જોડણી અને ભાષાસજ્જતા વિષયક વિશેષ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન - સુરત તરફથી તમામ શિક્ષકોને 'સાચી જોડણી લાગે વહાલી'પુસ્તક ભેટ આપવામાં આવ્યું હતું. તાલીમમાં રાજેશ ધામેલિયા અને હિંમત પંચાલે ટ્રેનર તરીકે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમના સફળ આયોજનમાં સુમન - 4ના આચાર્ય સુરેશ અવૈયા અને વહીવટી અધિકારી ધર્મેશ પટેલે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ પ્રસંગે રાજેશ ધામેલિયાએ જણાવ્યું હતું કે, આ તાલીમનો લાભ સુમન શાળાઓના અંદાજે 15,000 કરતાં વધુ વિદ્યાર્થીઓને પરોક્ષ રીતે મળશે, કારણ કે તાલીમબદ્ધ શિક્ષકો વર્ગખંડમાં વધુ અસરકારક અને ગુણવત્તાસભર ભાષાશિક્ષણ આપી શકશે.

### રોટરી ક્લબ દ્વારા સુરતના ઇતિહાસને ઉજાગર કરતા 'સંજય ચોક્સી'ના પુસ્તકનું વિમોચન



સુરત : તાજેતરમાં સુરતમાં રોટરી ક્લબ ઓફ સુરત વેસ્ટના વર્ષ ૨૦૨૬-૨૭ના નવનિયુક્ત પ્રેસિડેન્ટ ડો. વિજય શાહ અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સના ઇન્સ્ટોલેશન સમારોહ દરમિયાન એક વિશેષ પુસ્તક વિમોચન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે જાણીતા ઇતિહાસવિદ્ સંજય ચોક્સી દ્વારા લિખિત પુસ્તક 'સુરત - હેરિટેજ ● હાર્મની ● હ્યુમેનિટી : પીસ થ્રૂ ડેવલપમેન્ટ' નું મુખ્ય અતિથિ ડો. નિર્મલ ચોરારિયા, ઇન્સ્ટોલિંગ ઓફિસર રોટેરિયન રજનીકાંત મારફતિયા અને પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નર રોટેરિયન દેવેન્દ્ર શાસ્ત્રીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. લેખક સંજય ચોક્સીના આ પુસ્તકનું કન્સેપ્ટ્યુઅલાઇઝેશન અને કોઓર્ડિનેશન નવનિયુક્ત પ્રેસિડેન્ટ ડો. વિજય શાહ તથા પાસ્ટ પ્રેસિડેન્ટ અને રોટરી પીસ ફેલોશિપ્સ ચેર રોટેરિયન શિલ્પા વિજય શાહ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું છે.

### શ્રી સિધ્ધિ વિનાયક સાંઇ સેવા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા નોટબૂક સહાય



સુરતઃ વેસુના શ્રી સિધ્ધિ વિનાયક સાંઇ સેવા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઉમરા- સુરત ખાતે આવેલી શ્રી મોરારજી દેસાઇ શાળા નં.3 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને તા. 11મી જુલાઈના રોજ વિનામૂલ્યે નોટબુકની કિટ આપવામાં આવી હતી. આ સહાયનો ગામના મોટાભાગના વિદ્યાર્થીઓ દ્વારા લાભ લેવામાં આવ્યો હતો.

### નેહાલી સોમૈયાને કોમર્સમાં પીએચ.ડી.ની પદવી એનાયત



સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા નેહાલી અતુલકુમાર સોમૈયાને કોમર્સ/એકાઉન્ટન્સી વિષયમાં પીએચ.ડી.ની પદવી એનાયત કરવામાં આવી છે. તેમણે 'Employees' Perception About Job Satisfaction Level of Surat Municipal Corporation' વિષય પરનો મહાશોધ નિબંધ રજૂ કર્યો હતો, જેને યુનિવર્સિટીએ માન્યતા આપી હતી. આ સંશોધન નવયુગ કોમર્સ કોલેજના અધ્યાપક સહાયક ડો. કૃણાલસિંહ ઈશ્વરસિંહ ખેંગારના માર્ગદર્શન હેઠળ પૂર્ણ થયું હતું. નેહાલી સોમૈયાએ આ સિદ્ધિ બદલ સંસ્થાના પ્રમુખ પંકજભાઈ ગીજુભાઈ પટેલના માર્ગદર્શન, પ્રેરણા અને આશીર્વાદ બદલ આભાર વ્યક્ત કર્યો છે.

### કઠોર ધરતી ઉપર ક્યારેય ધાન્ય ઉગતું નથીઃ જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી




ભીવંડીઃ અંજુર ફાટા સ્થિત શ્રી શંખેશ્વરધામ શ્વે.મૂ.પૂ. જૈન સંઘના આરાધના ભવનમાં પ્રેમ-ભુવનભાનુસૂરિજી મહારાજના સમુદાયનાં ધર્મચક્રતીર્થ પ્રભાવક પૂ. આચાર્ય જગવલ્લભસૂરિજી મહારાજ પૂ.પં. કલ્પવલ્લભવિજયજી મ. પૂ. ગણિવર દાનવલ્લભ વિ.મ.આદિ ઠાણાંનો નગરપ્રવેશ અને ચાતુર્માસ પ્રવેશ બેન્ડવાજા, પ્રભુજીનો રથ, ગુરુ ભગવંતોના પાંચ ફોટા સાથે પાંચ બગીઓ અને સેંકડો ભાવુકો આ પ્રસંગે ઉમટ્યા હતા. તપોવન જૈન મંદિરથી પૂજ્યશ્રીનું સામૈયું શરુ થયું હતું. શ્રી શંખેશ્વરધામ જૈન સંઘના વિશાળ મંડપમાં વિશાળ ધર્મસભાનું આયોજન થયું હતું. આ અવસરે આચાર્યપ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજે કહ્યું હતું કે, ચાતુર્માસ ભીંજાવાનું પર્વ છે. કઠોર ધરતી ઉપર ક્યારેય ધાન્ય ઉગતું નથી. ભીંજાયેલ ધરતી ઉપર જ મબલખ ધાન્ય ઉગતું હોય છે.

### CSEET પરીક્ષામાં ઇગનાઈટ એકેડેમીના 6 વિદ્યાર્થીઓ સફળ



સુરતઃ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા (ICSI) દ્વારા જાહેર કરાયેલા જૂન-2026ના CSEET પરિણામમાં પરવત પાટિયા સ્થિત ઇગનાઈટ એકેડેમીના 6 વિદ્યાર્થીઓએ સફળતા મેળવી છે. CS સ્નેહ ભાટિયાના માર્ગદર્શન હેઠળ રચના પ્રજાપતિ (259/400), ગુંજન ભુતરા (255/400), રાહી સંઘવી (239/400), અંજલિ પ્રજાપતિ (226/400), શ્રદ્ધા જૈન (202/400) અને સોનુ શર્મા (200/400) પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે. ઉલ્લેખનીય છે કે જૂન-2026થી CSEET પરીક્ષા પ્રથમ વખત કેન્દ્ર આધારિત વર્ણનાત્મક (ડિસ્ક્રિપ્ટિવ) લેખિત સ્વરૂપમાં યોજાઈ હતી.

### પ્રેસિડન્સી સ્કૂલમાં પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ અને પૂર્વ વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ



સુરતઃ ન્યુ રાંદેર રોડ સ્થિત પ્રેસિડન્સી સ્કૂલમાં માર્ચ-2026ની એસ.એસ.સી. અને એચ.એસ.સી. બોર્ડ પરીક્ષામાં A-1 ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓ તેમજ સ્કૂલના પૂર્વ વિદ્યાર્થીઓમાંથી સી.એ., ડોક્ટર, એન્જિનિયર, વકીલ, પ્રોફેસર સહિત વિવિધ ક્ષેત્રોમાં સફળતા મેળવનાર વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો. બોર્ડ પરીક્ષામાં કોઈપણ વિષયમાં પૂર્ણ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓ અને તેમના માર્ગદર્શક શિક્ષકોને ટ્રોફી તથા પારિતોષિક આપી સન્માનિત કરવામાં આવ્યા. મુખ્ય અતિથિ તરીકે નવયુગ કોમર્સ કોલેજના આચાર્ય ડો. વિનોદભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ટ્રસ્ટીવર્ય પ્રાધ્યાપક એન. એમ.કારિયા, ટ્રસ્ટીવર્ય હિતેન્દ્રભાઈ ચુડાવાળાએ સૌ વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.